મહાનગર ભાજપમાં ઉમેદવારોની પસંદગીમાં "સુકા ભેગુ લીલુ બળ્યુ"

ત્રણ-ચાર વિવાદાસ્પદ પસંદગી ટોપ ઓફ ધ ટાઉન બની જ્યારે એક મેકને કાપવામાં બધા જ કપાયા..!

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગર પાલિકાની ૪૪ બેઠકો માટે ભારતીય જનતા પાર્ટીએ ગઈકાલે ૪૦ અને આજે ૪ એમ ૪૪ ઉમેદવારો જાહેર કર્યા છે.

મહાનગરનો મહાજંગ

ચુંવાલીસે સુંવાલીસ નવા ચહેરા પસંદ કરી સ્થાનિક જૂથવાદને નેસ્ત નાબુદ કરવાનો પ્રયાસ કર્યો હોવાની છાપ ઉભી થાય છે, પરંતુ વાસ્તવમાં જૂથવાદનો સળવળાટ વધશે, ઘટશે નહીં. આક્ષેપો પ્રતિ આક્ષેપોના બદલે બધા જ જૂથના આગેવાનો અને નેતાઓને ટીકીટમાંથી કાપી કદ પ્રમાણે વેતરી નાખ્યા છે, પરંતુ 'સુકા ભેગુ લીલુ બળે' સતત પાંચ વરસ પક્ષ માટે અને શહેર માટે નિષ્ઠાપૂર્વક કાર્યરત રહેનાર ચાર થી પાંચ કાઉન્સીલર કપાયાનો ચચરાટ આજે પણ શહેર અનુભવે છે. 'ટકે શેર ભાજી ટકે શેર ખાજા' વાર્તાને યાદ અપાવતી ટીકીટોની વહેંચણી કેટ કેટલા વિવાદો સર્જે છે. માત્ર દોઢ વર્ષ પહેલાં પેટા ચૂંટણી જીતનાર ઉમેદવારેય કપાય અને દસ-દસ વરસથી મલાઈદાર હોદ્દા ભોગવતા આગેવાનો પણ કપાય. આને ન્યાય કહેવાય કે અન્યાય..!? એ આજે પણ ટોક ઓફ ધ ટાઉન છે. કહેવાય છે ને કે સો દોષિત ને કદાચ સજા ન મળે તો ચાલે પણ નિર્દોષ ફાંસીના માંચડે ચડી ન જાય એનુ ધ્યાન રાજાએ રાખવું જોઈએ.

સાહેબ..! ત્રણ-ચાર નિર્દોષ તો કપાયા એટલું જ નથી પણ બે-ત્રણ વિવાદાસ્પદ ટીકીટો પણ અપાઈ. એની ચર્ચા પણ ચોરે ને ચૌટે ચાલે છે. કે બીજે બધે તો ઠીક પણ ભાજપમાંય આવું જ ચાલે છે ?! કેટ કેટલાય કેસો થયા હોય... કેટ કેટલાંય સામાજીક અપરાધો કર્યા હોય અને કેટલાંય વિવાદોથી ઘેરાયેલા હોય એમને પણ કેસરી ખેસથી પવિત્ર કરી ટીકીટ અપાઈ એનું દુઃખદ પણ ભાજપના કેટલાંય હિત ચિંતકો અનુભવે છે. હા... હવે તો ભાજપ પણ સત્તા માટે કંઈ પણ કરી શકે છે એવુ કહેવામાં સામાન્ય માણસ પણ અચકાતો નથી. અને હા... ત્રણ-ચાર ટીકીટ તો લોટરીની જેમ અપાઈ..!! એ પણ સંનિષ્ઠ કાર્યકરો માટે ચિંતા અને ચર્ચાનો વિષય છે. દંભ અને દેખાડો કરતાં કાર્યકરોની હવે ભાજપમાં પણ બોલબાલા છે એવો ગણગણાટ કાર્યકરોમાં સાંભળવા મળે છે. વહાલા-દવલા... મારા-તારાની નીતિ મહાનગરથી રાજ્ય સુધી દેખાઈ રહી છે. પક્ષ માટે કામ કરનાર... રાત દિવસના ઉજાગરા કરનાર... તન-મન-ધનથી સમર્પિત કાર્યકરોની ગણના હવે નહીંવત થાય છે. પણ વાહવાહીમાં ગળાડુબ - ચાડી-ચુગલી કરનારાઓ ધાર્યુ પદ મેળવી શકે છે અને હા..! ગાંધીનગર ભાજપમાં કોને ટીકીટ મળી એનો મહિમા નથી... કોને-કોને ના મળી..?! એની ચર્ચા ચારેકોર છે. અને ધાર્યા મુજબ જ એકમેકને કાપવા માટે છેલ્લી ઘડી સુધી બધા જ સક્રીય રહ્યા. પરિણામે બધા જ ગયા..! અને હવે 'નવી ગીલ્લી નવો દાવ..!!!'

ભાજપે પટેલ અને ઓબીસીને ૧૨-૧૨ જ્યારે ક્ષત્રિયને ૭ અને બ્રહ્મસમાજને ૫ ટીકીટ આપી

ભારતીય જનતા પાર્ટીએ ગાંધીનગરના ઉમેદવારોની પસંદગીમાં જ્ઞાતિ ધોરણો ખૂબ ચીવટતાપૂર્વક જાળવ્યા છે. કોઈપણ ચૂંટણીમાં સોશીયલ એન્જીનિયરીંગમાં ભાજપ હંમેશા મેદાન મારે છે. એ જ રીતે ગાંધીનગરમાં પણ તમામ જ્ઞાતિ સમાજને ન્યાય અપાયો છે. ૪૪ માંથી ૧૨ પટેલ જ્ઞાતિને અને ૧૨ ઓબીસીને ટીકીટો ફાળવી છે. જ્યારે ક્ષત્રિય સમાજના ૭ અને બ્રહ્મસમાજના ૫ ઉમેદવારો પસંદ કર્યા છે. આ ઉપરાંત અનુસૂચિત જાતિના ૭ અને અનુસૂચિત જન જાતિના ૧ એમ જ્ઞાતિના ધોરણે ઉમેદવારોની પસંદગી કરવામાં ભારે ચીવટતા રાખવામાં આવી છે.

મેયરપદનું રોટેશન જાહેર કરાયુ પ્રથમ અઢી વર્ષ અનુસૂચિત જાતિ

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરપદના રોટેશન અંગેના હુકમો આજે જારી કરી દેવામાં આવ્યા છે.

પ્રથમ અઢી વર્ષ અનુ. જાતિના ઉમેદવાર માટે મેયરપદ અનામત રહેશે અને પછીના અઢી વર્ષ મહિલા ઉમેદવાર માટે અનામત રહેશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ત્રીજી સામાન્ય ચૂંટણી અંગેની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. આજે આ અંગેનું વિધિવત્ જાહેરનામુ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યુ છે.

મનપા માટે કોંગ્રેસે ૨૯ ઉમેદવારો જાહેર કર્યા

ગાંધીનગર, તા. ૩૧ ગાંધીનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગ માટે આજે કોંગ્રેસ પક્ષે ૨૯ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે.

ઉમેદવારોની પસંદગીમાં ચાલી રહેલી ખેંચતાણને પગલે ગુજરાતના પ્રભારી રાજીવ સાતવ પણ આજે અમદાવાદ આવી પહોંચ્યા છે અને તેમણે નિરીક્ષકો પાસેથી વિગતો મેળવી ઉમેદવારોની પસંદગીને આખરી ઓપ આપવાના પ્રયાસો હાથ ધર્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે વોર્ડ નં. ૧, ૬, ૫ માં ભારે ખેંચતાણ ચાલી રહી છે. કોંગ્રેસ પક્ષે આજે જે યાદી જાહેર કરી છે તેમાં ૬ વોર્ડની આખી પેનલો જાહેર કરી દીધી છે. જેમાં પેથાપુર, જીઈબી, વોર્ડ નં.- ૨, વોર્ડ નં. ૩, વોર્ડ નં. ૭, વોર્ડ નં. ૮, ૯ અને વોર્ડ નં. ૧૧ નો સમાવેશ થાય છે.

કોંગ્રેસ પક્ષે આજે જાહેર કરેલ ઉમેદવારોની યાદીમાં ૩ વર્તમાન કાઉન્સીલરો અને ૧૫ મહિલા કાઉન્સીલરના પતિને ટિકિટ ફાળવી છે. કોંગ્રેસે પણ યુવા અને નવા ચહેરાઓને તક આપી છે.

આજે જે યાદી જાહેર કરાઈ તે આ મુજબ છે.

મનપા ચૂંટણી જંગ માટે ઉમેદવારોની કોંગ્રેસની પ્રથમ યાદી

વોર્ડ નંબર	બેઠક નંબર	બેઠકનો પ્રકાર	ઉમેદવારનું નામ
૨-પેથાપુર-જીઈબી	૧	પછાત વર્ગ સ્ત્રી	ઠાકોર કિશ્નાબેન મુકેશજી
	૨	સામાન્ય સ્ત્રી	વાઘેલા મીનાબેન મહેન્દ્રસિંહ
	૩	સામાન્ય	વાઘેલા ગજેન્દ્રસિંહ કનુભાઈ
	૪	સામાન્ય	ડાભી પ્રવિણસિંહ જીલુસિંહ
૩-સે. ૨૪,૨૭,૨૮	૧	સામાન્ય સ્ત્રી	વિહોલ જનકબા ચેતનસિંહ
	૨	સામાન્ય સ્ત્રી	મહેતા ઉર્મિલાબેન મયુરભાઈ
	૩	અનુસૂચિત આદિજાતિ	ગામીત મેહુલભાઈ આર.
	૪	સામાન્ય	બારોટ અંકિતભાઈ અશ્વિનભાઈ
૪-પાલજ-ધોળાકુવા	૧	સામાન્ય સ્ત્રી	પરમાર રોશનબેન યુસુફભાઈ
૫-પંચદેવ	૧	અનુસૂચિત જાતિ સ્ત્રી	પરમાર હેમલત્તાબેન કૈલાસચંદ્ર
	૩	સામાન્ય	ઝાલા અનુભા નટુભા
૭-કોલવડા-વાવોલ	૧	સામાન્ય સ્ત્રી	વાઘેલા ગીતાબેન જીતેન્દ્રસિંહ (કોલવડા)
	૨	સામાન્ય સ્ત્રી	પટેલ ઉષાબેન ગીરીશભાઈ
	૩	સામાન્ય	ગોલ દેવેન્દ્રસિંહ ઉદેસિંહ
	૪	સામાન્ય	ઠાકોર અમરતજી રમતુજી
૮-સેક્ટર-૪,૫,	૧	પછાત વર્ગ સ્ત્રી	ઠાકોર મીનાબેન ચિરાગકુમાર
અંબાપુર-સરગાસણ	૨	સામાન્ય સ્ત્રી	રાવલ કુંતલબેન રાકેશભાઈ
	૩	અનુસૂચિત જાતિ	આસોડીયા તુષારકુમાર રાજેશકુમાર
	૪	સામાન્ય	પટેલ રાકેશકુમાર ગોવિંદભાઈ
૯-સેક્ટર-૨,૩,	૧	સામાન્ય સ્ત્રી	પરીખ યેશાલીબેન અરૂણભાઈ
કુડાસણ	૨	સામાન્ય સ્ત્રી	પટેલ હિનાબેન કૌશિકકુમાર
	૩	સામાન્ય	જોષી ઉર્પલભાઈ રામભાઈ
	૪	સામાન્ય	પ્રજાપતિ રાજેશભાઈ ઈશ્વરભાઈ
૧૦-સે-૬, ૭, કોબા	૧	સામાન્ય સ્ત્રી	પરમાર હંસાબેન ધનજીભાઈ
	૩	સામાન્ય	પટેલ શક્તિકુમાર અશોકભાઈ
૧૧-ભાટ-ખોરજ	૧	અનુસૂચિત જાતિ સ્ત્રી	સોલંકી જ્યોત્સનાબેન જયંતિલાલ
	૨	સામાન્ય સ્ત્રી	ઠાકોર પારૂલબેન કમલેશભાઈ
	૩	પછાતવર્ગ	ભરવાડ સંજયભાઈ અમરાભાઈ
	૪	સામાન્ય	ઠાકોર દશરથજી મંગાજી

શહેરમાં પાણીગટર વેરા અન્વયે ૫૭ ટકા વસુલાત

સે-૧ થી ૩૦ સહીત શહેરી વિસ્તારના ગામોમાંથી અંદાજિત ૨૯ હજાર જોડાણકર્તાઓ પાસેથી રૂ ૧.૦૫ કરોડનો વેરો વસુલાયો

ગાંધીનગર તા ૩૧

શહેરમાં પાણી ગટર વેરો વસુલવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જયારે પાણી વેરાની વસુલાત અન્વયે માર્ચના અંત સુધીમાં જોડાણકર્તાઓને વળતર પણ ચુકવવામાં આવ્યુ છે. જેના અંતે શહેરના સે-૧ થી ૩૦ તેમજ શહેરી વિસ્તારના ગામો સહીત કુલ ૨૯ હજારજોડાણકર્તાઓ પાસેથી રૂ ૧.૫ કરોડના વેરાની વસુલાત કરવામાં આવી છે. માર્ચના અંત સુધીમાં અંદાજિત ૫૭ ટકા વસુલાત કરી દેવામાં આવી છે. પાણી ગટર વેરાની વસુલાત ઝુંબેશના અંતે પણ હજુ બાકી માંગણા સામે અંદાજિત ૪૦ ટકા વસુલાત બાકી છે.

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત અન્વયે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. દરવર્ષે માર્ચ મહીનામાં વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે આ વસુલાત પુર્વે ફેબ્રુઆરી મહીનામાં જોડાણકર્તાઓને બીલ વિતરણ પણ કરવામાં આવે છે. ગત ફેબ્રુઆરીમાં પાણી વેરાના બિલના વિતરણ બાદ માર્ચ મહીનાથી વસુલાત શરૂ કરવામાં આવી હતી. પાટનગર યોજના ભવનની ડિવીઝનલ કચેરી તેમજ સે-૩ ની ડ્રેનેજ ઈન્કવાયરી સહીતના ઠેકાણે વસુલાતને અનુલક્ષી કાઉન્ટર શરૂ કરાયા હતા. જયારે માર્ચ મહીના દરમિયાન જોડાણકર્તાઓને વળતર પણ ચુકવવામાં આવ્યુ છે. માર્ચ મહીનાના અંત સુધીમાં તંત્રએ વસુલાત ક્ષેત્રે ૫૭ ટકા કામગીરી પુર્ણ કરી છે. જેમાં સે-૧ થી ૧૩ માં ૧૬ હજાર જેટલા જોડાણકર્તાઓ પાસેથી ૧.૨૦ કરોડના માંગણા સામે ૬૦ લાખની વસુલાત કરવામાં આવી છે. આમ નવા સેકટરોમાં ૫૦ ટકા કામગીરી થઈ છે. જયારે સે-૧૪ થી ૩૦ માં ૧૨૦૯૩ જેટલા જોડાણકર્તાઓ પાસેથી રૂ ૬૦ લાખના માંગણા સામે રૂ ૪૫ લાખની વસુલાત કરવામાં આવી છે. જેમાં પાલજ, બાસણ, બોરીજ અને આદીવાડા સહીતના ગામોનો પણ સમાવેશ થાય છે. શહેરમાં પાણી ગટર વેરા વસુલાત અન્વયે શહેરી વિસ્તારના ગામો સહીત કુલ રૂ ૧.૮૫ કરોડના માંગણા સામે રૂ ૧.૫ કરોડની વસુલાત થઈ છે. આમ પાણી ગટરની વસુલાત ક્ષેત્રે અંદાજિત ૫૭ ટકા કામગીરી થઈ છે.

મનપાની ચૂંટણીમાં આજ સુધીમાં ૧૭ ઉમેદવારોએ ઝુકાવ્યુ છે !!

ગાંધીનગર, તા. ૩૧ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાની આડે આજનો દિવસ બાકી છે છતાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો દ્વારા ઉમેદવારી ફોર્મ હજુ સુધી ભરાયા નથી.

આજ સુધીમાં મનપાના ચૂંટણી જંગ માટે ૧૭ જેટલા ઉમેદવારી પત્રો ભરાયા છે. જેમાં પ્રાદેશિક પક્ષ, અપક્ષ અને આપ અને અન્ય પક્ષોના ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ભાજપે ગઈકાલે મોડી રાત્રે તેના ૪૦ ઉમેદવારોના નામ જાહેર કર્યા પછી આજે વોર્ડ નં. ૬ ના ઉમેદવારોના નામ પણ જાહેર કરી દીધા છે. બીજી તરફ કોંગ્રેસ પક્ષ દ્વારા ૨૯ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. આજે મોડી રાત્રે અથવા કાલે સવારે બાકીની યાદી જાહેર કરી દેવાશે તેમ મનાઈ રહ્યુ છે.

આપ આદમી પાર્ટી પણ તેના બાકી રહેતા ઉમેદવારોની યાદી જાહેર કરે તેવી સંભાવનાઓ રાજકીય વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે. જો આમ થશે તો મનપાનો જંગ ત્રિકોણીય થશે.

આ જંગ માટે અત્યાર સુધીમાં ૩૫૦ થી વધુ ફોર્મ લઈ જવામાં આવ્યા છે. આજે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ હોવાથી ભારે ભીડ થશે તેવુ લાગતાં તંત્રએ પણ આ અંગે આગોતરા પગલાંઓ લઈ આયોજનને આખરી ઓપ આપી દીધો છે.

જિલ્લામાં કોરોનાનો કહેર : ૫૦ નવા કેસ

ગાંધીનગર ગ્રામ્યમાં ૨૪ તો કલોલમાં ૧ કેસ નોંધાયો : સે. ૨, ૨૬, ૨૨ માં ૩-૩ કેસ ઉપરાંત સે. ૪, ૨૭, ૩૦ માં બે-બે કેસ તેમજ સે. ૭, ૧૨, ૨૮, ૬, ૨૪, ૧૬, ૨૫, ૮, ૩-એ-ન્યુ તેમજ સે. ૨૧ માંથી એક-એક કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૩૧ ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૫૦ કેસ મળી આવ્યા છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૫-૨૫ કેસ નોંધાયા છે.

ગાંધીનગર જિલ્લામાં જે રીતે છેલ્લા ત્રણ દિવસથી કેસો મળી રહ્યા છે તેને પગલે તંત્રની દોડધામ વધી જવા પામી છે. જો કે જિલ્લામાં હોસ્પિટલાઈઝેશનનો દર ઓછો હોવાનો તંત્રનો દાવો હોવા છતાં સિવિલ હોસ્પિટલ અને અન્ય ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ મોટી સંખ્યામાં દાખલ થઈ રહ્યા છે.

જિલ્લામાં વધતા જતા કોરોનાના કહેર ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરમાં વધુ જોવા મળી રહ્યો હોવાથી તંત્ર ખાનગીમાં કોમ્યુનીટી ટ્રાન્સમીશનની વાતો શરૂ થઈ છે તો તબીબી જગતમાં આ નવો ટ્રેન્ડ વધુ ચેપી હોવાની વાતો શરૂ થઈ છે. આ વખતની નવી લહેરમાં પરિવારોના પરિવાર સંક્રમિત થઈ રહ્યા છે.

જિલ્લામાં વધતા જતા કેસો અને દર્દીઓ દ્વારા હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારવામાં આવી રહ્યો છે પરંતુ તેના નિયમોનું ચુસ્તતાથી પાલન થાય છે કે નહિ તેનું મોનીટરીંગ અસરકારક નહિ થતુ હોવાનું બહાર આવી રહ્યુ છે અને એટલે જ ખાનગી હોસ્પિટલો અને સિવિલમાં દર્દીઓ વધી રહ્યાની વાતો લોકજીભે ચર્ચાઈ રહી છે.

ગાંધીનગર ગ્રામ્યમાં આજે ૨૪ કેસ નોંધાયા છે જ્યારે કલોલમાં એક કેસ નોંધાયેલ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં શરૂઆતથી જ કેસો સતત વધી રહ્યા છે એટલે તંત્રએ સર્વેલન્સ, ટેસ્ટીંગ, ટ્રેસીંગ વધારે સઘન કરવાની સૂચનાઓ આપી છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી ૪ કેસ, છાલામાંથી ૨ કેસ, કુડાસણમાંથી ૭ કેસ, રાંદેસણમાંથી ૨ કેસ, રાયસણમાંથી ૨ કેસ, પેથાપુરમાંથી ૨ કેસ, કોલવડા અને રાંધેજામાંથી એક-એક કેસ અને સરગાસણમાંથી ૩ કેસ મળી આવેલ છે.

કલોલના સઈજ ગામેથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લાતંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આજે પાંચ દર્દીને વધુ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં ૧૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. છ વિદ્યાર્થીઓનો પણ સંક્રમિતોમાં સમાવેશ થાય છે. ૪ સરકારી નોકરી કરતા દર્દીઓ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૩૬૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૨૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૧૯૫ લોકોને હોમક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે સતત બીજે દિવસે ૨૫ કેસ નોંધાયા હોવાથી તંત્ર સ્તબ્ધ બની ગયુ છે. શહેરમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રની ચિંતા વધી છે. મોટાભાગના દર્દીઓ મોટીવયના છે જેમની ઉંમર ૫૫ થી વધુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં નવ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે સંક્રમિત થનારાઓમાં વેપારી, કર્મયોગી, જિલ્લા શિક્ષણ તાલિમ ભવનનો કર્મયોગી, નાયબ સેકશન અધિકારી, મેડીકલ સ્ટોર સાથે સંકળાયેલ વ્યક્તી, સર્વિસ સેન્ટરનો કર્મયોગી, માહિતી વિભાગના કર્મયોગીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨, ૨૬, ૨૨ માંથી ૩-૩ કેસ ઉપરાંત સે. ૪, ૨૭, ૩૦ માંથી ૨-૨ કેસ મળી આવ્યા છે તેમજ સે. ૭, ૧૨, ૨૮, ૬, ૨૪, ૧૬, ૨૫, ૮, ૩-એ-ન્યુ તેમજ સે. ૨૧ માંથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં કોરોનાના એક્ટીવ કેસની સંખ્યા ૨૨૫ નજીક પહોંચી છે. શહેરમાં આજે ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૨૩૦ જેટલી છે અને પાંચ હજાર જેટલા લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં હવે સફેદ વાઘ પણ જોવા મળશે

રાજકોટ પ્રાણી સંગ્રાહલયમાંથી સફેદ વાઘની જોડી ગોદાવરી અને ગૌતમ આવશે : સિંહ બાદ હવે વાઘની જોડીથી પ્રકૃતિ ઉદ્યાનનો નઝારો નિખરશે

ગાંધીનગર તા ૩૧

રાજકોટ પ્રાણી સંગ્રાહલયમાંથી સફેદ વાઘની જોડી ગાંધીનગર ઈન્દ્રોડા પાર્કમાં આવશે. ગોદાવરી અને ગૌતમ નામની સફેદ વાઘની જોડી ટુંક સમયમાં ઈન્દ્રોડા પાર્કની શોભામાં અભિવૃધ્ધિ કરશે. ઈન્દ્રોડા પાર્કમાં અગાઉ સિહની જોડી લવાયા બાદ હવે વાઘ નિહાળવા માટે પણ પ્રકૃતિ પ્રેમીઓ ઉત્સુક બન્યા છે.

ભારતમાં વ્હાઈટ ટાઈગર આલબીનો ટાઈગર તરીકે ઓળખાય છે. રેવાના મહારાજાના જંગલોમાં સૌ પ્રથમવાર સફેદ વાઘ જોવા મળ્યો હતો. જયારે આ સફેદ વાઘ જુદી જુદી જગ્યાએ બ્રિડીંગ સેન્ટર કરવામાં આવ્યુ હતુ ત્યારબાદ બધી જ જગ્યાએ મોકલાયુ જયારે આ તેના જ વંશજ રાજકોટ બાદ ઈન્દ્રોડા પાર્કમાં જોવા મળશે. રાજકોટ પ્રાણી સંગ્રાહલયમાં વર્ષ ૨૦૧૫ માં એક નર અને માંદા સફેદ વાઘ લવાયા હતા. જયારે રાજકોટનુ વાતાવરણ માફક આવતા બ્રિડીંગ સારુ થતા પાંચ વર્ષમાં ૯ સફેદ વાઘનો જન્મ થયો છે. વન્ય પ્રાણીઓનુ ખરીદ વેચાણ પર પ્રતિબંધ છે જયારે આ પ્રાણીઓનુ આદાન પ્રદાન થઈ શકે છે. જેને અનુલક્ષી રાજકોટના પ્રાણીસંગ્રહાલય ગાંધીનગર ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનને સફેદ વાઘની જોડી આપશે ગોદાવરી અને ગૌતમ નામની આ જોડી આગામી ટુંક સમયમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં લવાશે. અગાઉ પ્રકૃતિ ઉદ્યાનમાં સિંહ અને સિંહણ પણ રાજકોટ તેમજ જુનાગઢમાંથી લવાયા હતા. જયારે હવે સફેદ વાઘ પણ પ્રકૃતિ પ્રેમીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે. રાજકોટથી અગાઉ કાંકરીયા અને પંજાબ અને પુના ઝુંમાં પણ સફેદ વાઘ આપવામાં આવ્યા હતા. જયારે હવે ગાંધીનગરમાં સફેદ વાઘ નગરજનો માટે આકર્ષણનુ કેન્દ્ર બનશે.

ભાવભીની શ્રદ્ધાંજલિ

ચંદ્રકાન્તભાઈ જેઠાલાલ શાહ (ઉમતા) હાલ ગાંધીનગરનું તા. ૨૯/૩/૨૦૨૧ના રોજ અરિહંત શરણ થયેલ છે.

વર્તમાન કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સદ્ગતનું ટેલિફોની બેસણું તા. ૧/૪/૨૦૨૧ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે રાખેલ છે.

નિવાસસ્થાન : ૧૦૩૬/૨, સેક્ટર-૪એ, ઓમકારેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં, ગાંધીનગર

ઝલક ભાવેશ શાહ મો. ૯૭૨૫૧૦૬૯૦૫ | ભાવેશ ચંદ્રકાંતભાઈ શાહ મો. ૯૭૨૪૭૬૨૯૧૦

સ્નેહા શાહ મો. ૯૪૨૭૪૦૫૧૫૮ | હરેશકુમાર (જીગાભાઈ) શાહ મો. ૯૪૨૬૫૨૧૦૬૧

શ્રી જેઠાલાલ છોટાલાલ શાહ પરિવારના જય જિનેન્દ્ર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરમાઉન્ટ હોસ્પિટલ

પ્લોટ નં.R-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર.
મો. ૮૪૬૯૮૮૦૫૫૦, ૯૬૨૪૪૦૧૯૯૯

ગર્વમેન્ટ માન્ય કોવિડ સેન્ટર — EMERGENCY 24 HOURS SERVICES

હોમકેર પેકેજ

- દરરોજ કોવિડ સ્પેશ્યાલિસ્ટ એમ.ડી. ફીજીશીયનની એક વિઝીટ
- કોવિડ કેર કીટ જેમાં ઓક્સિજન માત્રા ચેક કરવા માટે પલ્સ ઓકસી મીટર, થર્મોમીટર, સ્ટીમ ઈન્હેલર (નાસ લેવા માટે), N-95 માસ્ક, હેન્ડ સેનેટાઈઝર
- ઈમરજન્સી સારવાર 24 x 7 વિડીયો કોલીંગ મારફતે અને જરૂર પડે તો ઘરે પણ
- જરૂર પડે તો કોવિડ હોસ્પિટલમાં દાખલ થવા સુધીની સગવડ
- કોવિડ માટેના મોઘા ઈન્જેક્શન Remdesivir ઘરે આપવાની સુવિધા
- 7 દિવસનું પેકેજ ઉપલબ્ધ • સીટી સ્કેન કરાવવા માટે એમ્બ્યુલન્સની સુવિધા
- ઘર બેઠા બ્લડ રીપોર્ટ • કોરોનાને લગતી તમામ દવાઓ • સંપૂર્ણ 7 દિવસનું પેકેજ

*T&C

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com